| **Date:** 27.4.2022 | **Publication:** Divya Bhaskar |
|---|---|
| **Page no:** 12 | **Edition:** Ahmedabad |

**Headline:** Travel Insurance Growth Double From Pre-Covid Level Dubai, London, Germany, US, Thailand Top Destinations


**ગ્રોથ** | આંતરરાષ્ટ્રીય ફ્લાઇટના પ્રતિબંધ દૂર થતાં ટ્રાવેલ ઇન્સ્યોરન્સ બિઝનેસ 35% વધ્યો

# ટ્રાવેલ ઇન્સ્યોરન્સ ગ્રોથ પ્રિ-કોવિડ સ્તરથી બમણો થશે દુબઇ, લંડન, જર્મની, US, થાઇલેન્ડ ટોપ ડેસ્ટિનેશન

બિઝનેસ સંવાદદાતા | મુંબઈ

કોવિડ-19ના કારણે લાગૂ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પ્રતિબંધો દૂર થતાં દેશ અને દુનિયામાં મુસાફરી શરૂ થઈ છે. પરિણામે ટ્રાવેલ ઈન્સ્યોરન્સ બિઝનેસમાં પણ વૃદ્ધિ થઈ છે. પોલિસીબાઝાર.કોમ અનુસાર, 27 માર્ચથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરૂ થયા બાદ ટ્રાવેલ ઈન્સ્યોરન્સમાં લગભગ 25 થી 35 ટકાનો વધારો થયો છે. બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ અનુસાર, આ વર્ષે કુલ પ્રવાસીઓમાંથી 35% લોકો ટ્રાવેલ ઈન્સ્યોરન્સ લે તેવી અપેક્ષા છે, જે કોવિડ પહેલા 18% હતી. એટલે કે ટ્રાવેલ ઈન્શ્યોરન્સની વૃદ્ધિ પ્રી-કોવિડ લેવલ કરતાં લગભગ બમણી થવાની ધારણા છે. ઓવરસીઝ ટ્રાવેલ ઈન્સ્યોરન્સની માંગ વધી છે. ફેબ્રુઆરી અને માર્ચમાં તેનો ગ્રોથ વાર્ષિક ધોરણે 200%થી વધુ હતો. વીમા નિયમનકાર ઈરડાના વાર્ષિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ 2019-20માં વિદેશ મુસાફરી માટે 19.4 લાખ ઓવરસીઝ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પોલિસી વેચાઈ હતી. જેની ગ્રોસ પ્રીમિયમ આવક રૂ. 758 કરોડ હતી. રોગચાળા દરમિયાન, નાણાકીય વર્ષ 2020-21માં બિઝનેસ ઘટીને 210 કરોડ થયો હતો. પોલિસીની સંખ્યા ઘટીને ત્રણ લાખ જેટલી થઈ ગઈ હતી. આ વર્ષે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં એટલે કે ઉનાળાની રજાઓમાં ઓવરસીઝ ટ્રાવેલ ઈન્સ્યોરન્સની માંગમાં દોઢ ગણાથી વધુ વધારો થવાની ધારણા છે. ડેટા મુજબ સૌથી વધુ ટ્રાવેલ ઈન્સ્યોરન્સ દુબઈ, લંડન, જર્મની, યુએસએ, કેનેડા, થાઈલેન્ડ માટે લેવામાં આવી રહ્યો છે.

## ટ્રાવેલ ઈન્સ્યોરન્સમાં ગ્લોબલ કવરેજ સામેલ

કોરોના મહામારી બાદ વૈશ્વિક સ્તરે COVID-19 કવરેજ ટ્રાવેલ ઈન્સ્યોરન્સમાં સમાવવામાં આવ્યું છે, જેમાં વિદેશમાં સારવાર સંબંધિત જોગવાઈઓ છે. જો કોઈ વ્યક્તિ વિદેશમાં કોરોનાથી પીડિત હોય તો RT PCR ટેસ્ટથી લઈને સારવાર અને હોસ્પિટલમાં દાખલ થવા સુધીના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે, તે ક્વોરેન્ટીન દરમિયાન રહેવા અને જમવાના ખર્ચને આવરી લેવામાં આવશે નહીં. 40 વર્ષના પુરૂષ માટે 30-દિવસની યુએસ ટ્રીપ માટે ટ્રાવેલ ઇન્શ્યોરન્સ પ્રીમિયમ રૂ. 1680 થી રૂ. 3496 સુધીનું છે.

## વિઝા ઇન્ડસ્ટ્રીઝ પ્રિ-કોવિડના 40 ટકા પહોંચી

કોરોના મહામારી બાદ દેશમાંથી આંતરરાષ્ટ્રીય મંજૂરી મળી છે જેના કારણે વિસા ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ બમણા દરે વધી રહ્યો છે. જોકે, વિઝા ઈન્ડસ્ટ્રીઝ પ્રિ-કોવિડના હજુ 40 ટકા સુધી પહોંચી હોવાનું વીએફએસ ગ્લોબલના વેસ્ટર્ન રિઝનના રમીતા વ્યાસે જણાવ્યું હતું. આ સેક્ટરમાં ગુજરાત ટોચના પાંચ શહેરોમાં સામેલ છે. ડિજિટલ ટ્રાન્સફોર્મેશનનો મોટો ટ્રેન્ડ કોવિડ બાદ જોવા મળ્યો છે જેનો ફાયદો આ સેક્ટરને મળશે. વૈશ્વિક સ્તરે ટુરિસ્ટ વિઝા પણ છેલ્લા કેટલાક સમયથી સૌથી વધુ ઇશ્યુ થઇ રહ્યાં છે.